# ગુડા રાયસણમાં વિદેશી પેટર્ન મુજબ સ્ટેટ નોલેજ હબ વિકસાવશે

**પ્રોજેક્ટના કામ સંદર્ભે નકશા અંદાજો તૈયાર : અંદાજિત ૪૦ કરોડનો ખર્ચ કરાશે : રાયસણમાં સ્થિત અન્ય ૮ જેટલા શૈક્ષણિક સંકુલોને આવરી લેવાશે સ્ટેટ નોલેજ હબનુ કામ એક વર્ષમાં પુર્ણ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સ્ટેટ નોલેજ હબ વિકસાવવા માટે ખર્ચ અને અંદાજ તૈયાર કરી દીધો છે. રાયસણ સ્થિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની આઠ શિક્ષણ સંસ્થાના સંકુલને સમાવવાની સાથે અંદાજિત ૭૦ હેકટર વિસ્તારને આવરી લઈને વિદેશની પેટર્ન મુજબ સ્ટેટ નોલેજ હબ વિકસાવાશે. જેની પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે જયારે આગામી એક વર્ષમાં કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો સાથે વિકાસના પણ અનેકવિધ પ્રોજેકટ સંદર્ભે કામ હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષીને આગામી દિવસોમાં સ્ટેટ નોલેજ હબ તૈયાર કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવાશે. રાયસણ સ્થિત વિસ્તારમાં અન્ય શૈક્ષણિક સંસ્થાના સંકુલોનો સમાવેશ કરી આ નોલેજ હબ વિકસાવાશે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાના સમાવેશ સાથે આ નોલેજ હબ તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે નકશા અંદાજો પણ તૈયાર કરી દેવાયા છે. અનેકવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રોફેસરો વચ્ચે જ્ઞાનનુ આદાન પ્રદાન સરળતાથી થાય અને શૈક્ષણિક જ્ઞાન મેળવવાની પ્રક્રીયા વધુ સાહજિક બને તેવા આશયથી નોલેજ હબ વિકસાવાની યોજના હાથ ધરવામાં આવી છે. જયારે રાયસણમાં પણ શૈક્ષણિક ક્ષેત્રે ૮ જેટલી મોટી શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. ત્યારે આ નોલેજ હબમાં પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી , ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી , ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટયુટ ઓફ ફોર ફાયર સેફટી ટ્રેઈનીંગ , ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ અને ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એકસલન્સનો સમાવેશ કરવામાં આવશે. જયારે શૈક્ષણિક હબ બનતા ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં નોલેજ હબ બનાવાની આ યોજનાનો વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણવિદોને પણ પુરતો લાભ મળશે. વિદ્યાર્થીઓ અને શિક્ષણ વિદો વચ્ચે નવો નાતો બંધાશે. જયારે આ યોજના અન્વયે અર્બન લેબ કન્સલટન્ટની પણ નિમણુંક કરી દેવામાં આવી છે. જેના આધારે નકશા અને ડીઝાઈન પણ તૈયાર કરી દેવાશે. નવતર પ્લાન તૈયાર થાય બાદ તેના પર આગળની કામગીરી હાથ ધરાશે. જયારે ગુડા દ્વારા આ પ્રોજેકટને અનુલક્ષીને આ સંકુલને અનુલક્ષીને સાડા પાંચ કીલોમીટરની લંબાઈનુ રોડ નેટવર્ક પણ તૈયાર કરાશે. જયારે વિવિધ આઠ જેટલા શૈક્ષણિક સંકુલોને આવરી લેતા આ પ્રોજેકટ અન્વયે સ્ટ્રીટ ફર્નિચર, લેન્ડ સ્કેપ , બગીચાઓ લાઈટ, સાયકલ ટ્રેક વોક વે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સનસ્ટ્રોકના કેસ વધ્યા

**છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૨ ડિ.સે.ની વચ્ચે રહેતા બપોરે ઘરની બહાર નીકળતા લુ લાગી જાય છે : તાવ, ઉલ્ટી અને ઝાડાની ફરિયાદો સામાન્ય બની**



ગાંધીનગર, તા. ૨૩

ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહ્યુ છે. બપોરે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી સખત તડકો પડે છે. આ સમયે જો ઘરની બહાર નીકળીએ તો તુરંત જ લુ લાગી જાય છે. લુ તરીકે ઓળખાતા સનસ્ટ્રોકના કેસમાં છેલ્લા કેટલાક દિવસોથી વધારો થયો છે.

સૂર્યનો તડકો છેલ્લા ઘણા દિવસોથી આકરો બન્યો છે. મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રી સુધી પહોંચી રહ્યુ છે. છેલ્લા ઘણા દિવસોથી આજ પરિસ્થિતિ છે. તડકો ખુબ પડતા પવન ગરમ થઈને તો લુ માં ફેરવાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં જો બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું થાય તો લુ લાગવાના બનાવો વધી જાય છે. ક્યારેક એવુ પણ બને કે કોઈ વ્યક્તિ બહાર ન નીકળે અને છાંયડામાં બેઠો હોય તો પણ જો ગરમ પવન તેને સ્પર્શે તો પણ લુ લાગે છે. ક્યારેક મોડી સાંજ સુધી ગરમ પવન ફુંકાય છે ત્યારે પણ લુ લાગી શકે છે. જો સતત એસીમાં બેસીને અચાનક તડકામાં બહાર નીકળીએ તો પણ લુ લાગી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૨૭ એપ્રિલ સુધી હીટવેવ યથાવત્

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં હીટવેવ ૨૭મી સુધી યથાવત રહેશે. ૨૩ થી ૨૭ એપ્રિલ માટે હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનમાં જણાવ્યા પ્રમાણે આકાશ ચોખ્ખુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૯ થી ૫૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે ઉનાળુ વાવેતર પાકોમાં નીંદણ અને આંતર ખેડની કામગીરી કરવી. વાવણી કરેલ પાકોમાં જરૂરિયાત મુજબ પિયત આપવાની સલાહ પણ આપવામાં આવી છે.

# આજે જિલ્લામાં પંચાયતીરાજ દિવસને લઈ ખાસ ગ્રામસભા સવારે ૧૧ વાગે યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

આજે પંચાયતી રાજ દિવસની ઉજવણીને લઈ સમગ્ર રાજ્યમાં સવારે ૧૧ વાગે વિશેષ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ ગ્રામસભામાં જમ્મુ ખાતેની ગ્રામસભામાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા થનાર પ્રવચનનું સીધુ પ્રસારણ કરવામાં આવનાર છે. પંચાયતીરાજ દિવસની ઉજવણી ગ્રામસભા ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો થકી કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૮૬ ગામોમાં એક જ સમયે એક સાથે આ ગ્રામસભાઓનું આયોજન સંપન્ન કરી દેવામાં આવ્યુ છે. જેમાં ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કામોની રૂપરેખા આપવા ઉપરાંત વિવિધ કામોના કરાયેલ આયોજન તેમજ જળસંચય અભિયાન અને સ્વચ્છતા અભિયાન અંગે પણ જાણકારી આપવામાં આવનાર છે.

આ ગ્રામસભાઓમાં તાલુકા-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, ધારાસભ્યો, સાંસદો તેમજ અન્ય અધિકારીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા છે.

પહેલા આ ગ્રામસભા સાંજે પાંચ વાગે યોજવાની હતી પરંતુ સમયમાં ફેરફાર કરાયો છે અને હવે સવારે અગિયાર વાગે યોજાશે. આ ગ્રામસભામાં દરેક ઘરને નળ જોડાણથી જોડી દેવામાં આવ્યુ હોવાનો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવશે તેમજ પ્લાસ્ટીકના ઉપયોગને ટાળવા માટે જન જાગૃત્તિ અભિયાન છેડવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# અડાલજ ક્લોવર લીફ બ્રિજ નીચે આર સી સી કામ કરવા ચાર મહિના રસ્તો બંધ રહેશે

**ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ : દર વર્ષે વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો અને માર્ગ પર ભંગાણ થવાના લીધે સમસ્યા સર્જાતી હતી**

ગાંધીનગર તા ૨૩

એસ જી હાઈવે પર અડાલજ પાસે કલોવર લીફ બ્રિજની નીચેથી પસાર થતા અમદાવાદથી મહેસાણા તરફ જવાના મુખ્યમાર્ગ પરના અન્ડર પાસમાં આર સી સી કામ કરવામાં આવશે. આ ઠેકાણે દર વર્ષે ચોમાસામાં ભંગાણ થતા સમસ્યા ઉભી થતી હતી. જયારે આ મુંઝવણને ઉકેલવા માટે તંત્ર દ્વારા સમસ્યાના કાયમી નિવારણ માટે આ ઠેકાણે આર સી સી કામ કરાશે. જયારે આ કામગીરીને અનુલક્ષી આગામી ચાર મહીના સુધી અંડરપાસ બંધ રાખવામાં આવશે. જેના લીધે મહેસાણા, બનાસકાંઠા , પાટણ અને રાજસ્થાન અવરજવર કરતા ટ્રાફિકને ડાયવર્ટ કરાશે. અન્ડરપાસના એપ્રોચ માર્ગને સિમેન્ટ કોંક્રીટનો બનાવાશે.

ગાંધીનગર સરખેજ હાઈવે માર્ગ પર અડાલજ પાસે ક્લોવર લીફ નિર્માણ કરાયુ છે. પરંતુ દર વર્ષે ચોમાસા દરમિયાન વરસાદી દિવસોમાં આ ઠેકાણે માર્ગ તુટી જતા વાહનચાલકો માટે મોટી મુંઝવણ ઉભી થાય છે. જેનો અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા આ ઠેકાણે આર સી સી કામ કરવા માટે આયોજન કરાયુ છે.આ વિસ્તારમાં ડામર સરફેસ છે. જયારે વરસાદી દિવસોમા આ જગ્યાએ પાણીનો ભરાવો થાય છે જેથી માર્ગ ધુળિયા રસ્તા જેવો બની જાય છે. જયારે આગામી દિવસોમાં આ કામગીરી શરૂ કરી દેવાશે આ કાર્યયોજનાને અનુલક્ષીને આ માર્ગ અલબત્ત અન્ડર પાસને ચાર મહીના સુધી બંધ રાખવામાં આવશે. આ માટે જાહેરનામુ પણ પ્રસિધ્ધ કરી દેવાયુ છે. જયારે અડાલજ બ્રિજ પરથી મહેસાણા અને બાલાપીર સર્કલ તરફ જવાના તમામ ક્રોસ માર્ગો બંધ કરી દેવાયા છે. અમદાવાદથી મહેસાણા જનાર તમામ ટ્રાફિકને ઝુંડાલ વાયા વૈષ્ણોદેવી સર્કલથી જમણી બાજુ અને એસ જી હાઈવે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાકક્ષાનો કૃષિ મહોત્સવ ૨૬મીએ રાંધેજા કૃષિવિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૬મી એપ્રિલના રોજ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવશે. આ કૃષિ મહોત્સવ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે યોજવા અંગેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

અગાઉ કૃષિ મહોત્સવ ત્રણથી ૪ દિવસનો ઉજવવામાં આવતો હતો પરંતુ છેલ્લા થોડાક વર્ષોથી તેનુ સ્વરૂપ બદલવામાં આવ્યુ છે.

૨૬મીએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે ઉજવવામાં આવનાર કૃષિ મહોત્સવ દરમ્યાન એક નાનકડુ પ્રદર્શન પણ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ૧૫૦૦થી વધુ ખેડૂતો આ કૃષિ મહોત્સવમાં જોડાશે તેમ જાણવા મળેલ છે.

આ કૃષિ મહોત્સવમાં કૃષિક્ષેત્રની સુધારણા અને વધુ ઉત્પાદન મેળવવા માટેની નવી પદ્ધતિઓની જાણકારી આપવામાં આવશે. ખાસ કરીને ટપક સિંચાઈ પદ્ધતિ, પ્રાકૃત્તિક ખેતી, ગામ આધારિત ખેતી જેવી બાબતોને લઈ ખેડૂતો સાથે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સીધો સંવાદ યોજાશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના કૃષિ વૈજ્ઞાનિકો સહિત સફળ પ્રયોગશીલ ખેડૂતો આ મહોત્સવમાં હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપશે. આ મહોત્સવમાં ખાતરનો વપરાશ ઘટાડવા તેમજ જળસંચયની પણ વાતો કરવામાં આવશે.

આ મહોત્સવની ઉજવણી દરમ્યાન સોઈલ હેલ્થ કાર્ડ તેમડ કિસાન ક્રેડિટ કાર્ડ સહિતની વિવિધ બાબતો અંગે પણ જાણકારી આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# ૩૦મી એપ્રિલે ગાંધીનગર આવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ

**''દિશા'' તેમજ ''દૃષ્ટિ'' પ્રોજેક્ટને લઈ ગાંધીનગરમાં સમીક્ષા બેઠક યોજશે**

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૩૦મી એપ્રિલના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા વિભાગના મંત્રી તેમજ ગાંધીનગરના સાંસદ અમીત શાહ ગાંધીનગર આવી રહ્યા છે.

અમીત શાહ ૩૦મીએ સવારે હવાઈ માર્ગે અમદાવાદ આવશે. તેઓ તેમના આ પ્રવાસ દરમ્યાન ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના તેમના સંસદીય મત વિસ્તારના વિકાસ કામોની સમીક્ષા કરશે.

મળતી વિગતો પ્રમાણે તેઓ આ દિવસે અમદાવાદ જિલ્લાની તેમજ ગાંધીનગર જિલ્લાની ''દિશા'' બેઠકોમાં પણ હાજરી આપનાર છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને રાજ્ય સરકારની જે યોજનાઓનું અમલીકરણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા થાય છે તેની સમીક્ષા આ દિશા બેઠકમાં થશે.

અમીત શાહ આ બેઠકો બે અલગ-અલગ સમયે યોજાશે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકો ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં યોજવા અંગેની હિલચાલ ચાલી રહી છે. આ બેઠકોના સિલસિલાને લઈ તંત્ર દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ સમીક્ષા બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા તેમજ અન્ય યોજનાઓની સમીક્ષા થશે.

અમીત શાહે તેમના વિસ્તાર માટે અમલી બનાવેલ ''દૃષ્ટિ'' પ્રોજેક્ટ અંતર્ગત જે વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે તે તેમજ જિલ્લામાં યોજાયેલ આરોગ્ય મેળા, કુપોષણની સમસ્યા નિવારણ તેમજ અન્ય બાબતો અંગે પણ સમીક્ષા કરનાર છે.

# પાણીની લાઈનના ખોદકામના લીધે ગ-૨ થી ઘ-૨ના માર્ગ પર ટ્રાફિકની અવરજવર વન-વે

**શહેરમાં પાણી-ગટરની લાઇનનુ ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે સેકટરોમાં વિજપ્રવાહ કે પાણીનો સપ્લાય ન ખોરવાય તે મુજબ કામ કરવા નગરજનોની રજુઆત**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સેકટરોમાં લાઈન સંદર્ભે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે કેબલ કટ થવાના લીધે તેમજ લાઈનમાં ભંગાણ થવાના લીધે વિજ પ્રવાહ કે પાણીનો સપ્લાય પણ ઘણીવાર ખોરવાતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ફરિયાદો ન ઉદભવે તે મુજબ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. હાલ ગ-૨ થી ઘ- ૨ તરફ જવાના માર્ગની એકબાજુ ખોદકામ હાથ ધરાતા આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વન વે કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાણીની લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સેકટરોમાં નવી પાણીની લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જેના લીધે સેકટરોમાં અનેકવાર યુટીલીટીઝ લાઈન પણ ડીસ્ટર્બ થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સેકટરોમાં ખોદકામ દરમિયાન વારંવાર વિજ પ્રવાહ ખોરવાઈ જતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. આકરી ગરમીમાં કલાકો સુધી લાઈટો પણ ડુલ રહેતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. જયારે ઘણીવાર પાણી ગટરની લાઈન પણ ડીસ્ટર્બ થતા સપ્લાય પર અસર પડે છે. આવા સંજોગોમાં તંત્રએ જવાબદાર એજન્સીને સાથે રાખી કામ કરવાની પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં આકરી ગરમીના દિવસોમાં આમપણ એકાદ દિવસ સપ્લાય પ્રભાવિત થાય તો નગરજનો બેબાકળા બની જાય તેવી સ્થિતિ છે. જયારે હાલ પાણી અને ગટર લાઈન સંદર્ભે સેકટરોમાં ખોદકામ હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે ઘણા ઠેકાણે ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. શહેરમાં ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર ટ્રાફિકની અવરજવર વન વે કરી દેવામાં આવી છે. માર્ગની એક બાજુ લાઈનના સંદર્ભે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે જેના લીધે આજે આખો દિવસ આ માર્ગ પર વન વે ટ્રાફિક જોવા મળ્યો હતો. શહેરમાં પાણી ગટર ની લાઈન માટે ખોદકામ દરમિયાન વિશેષ તકેદારી રાખવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેમાં વિજ લાઈનના કેબલ તેમજ પાણીની કે ગટરની લાઈનમાં ભંગાણ ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવે તેવી રજુઆત પણ સ્થાનિકો કરી રહ્યા છે. જેથી આકરી ગરમીના દિવસોમાં નગરજનોએ હાલાકી વેઠવી ન પડે અસહ્ય ગરમીમાં વિજ પ્રવાહ કે પાણીનો સપ્લાય ખોરવાઈ જતો હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. ત્યારે શહેરીજનોને પડતી હાલાકીનો ખ્યાલ કરીને તે મુજબ કામ કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

# રાજયના મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પૂના ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિક ઉત્સવ યોજાયો

**બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યા**




ગાંધીનગર, તા.૨૩

પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ, ઝુંડાલનો આજે વાર્ષિક ઉત્સવ રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ શિવ સ્તુતિ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ મંત્રમુગ્ધ કરી દે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી તેમનું અભિવાદન પણ કર્યુ હતું.

આ પ્રસંગે શાળા પરિવારના વડીલશ્રી શાસ્ત્રી સ્વામી પુરષોત્તમદાસ ચરણદાસજીએ મુખ્યમંત્રીશ્રીનું પુષ્પ ગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું. આ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

Indian Institute of Teacher Education

(State Public University of Government of Gujarat)

Near Mahatma Mandir, Kh - Road, Sector-15, Gandhinagar (Gujarat)– 382016.

Admission 2022

| Programme | Course | Duration | Institute |
|---|---|---|---|
| Under Graduate | B.Sc.-B.Ed. | 4 Year | IITE |
| | B.A.-B.Ed. | 4 Year | IITE |
| | B.Ed. | 2 Year | Affiliated Colleges |
| Post Graduate | M.Ed. | 2 Year | IITE & Porbandar |
| | B.Ed.-M.Ed. | 3 | IITE |
| | M.Sc./M.A.-M.Ed. | 3 Year | IITE |
| Research Programme | Ph.D. | 3 Year | IITE |

Apply online on www.iite.ac.in from 24 April, 2022

Last date to apply: 15 May, 2022 Email: admission2022@iite.ac.in

Date: 24/04/2022 Registrar, IITE

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com